# કહેવતોમાં સંકેતો અને અલંકારો

ડૉ. રાકેશ રાવત

## ૧. પ્રાસ્તાવિક

લોકસાહિત્યનું સૌથી લઘુ સ્વરૂપ છે કહેવત (Proverb). કહેવતો જીવંત ભાષાનું એક મહત્ત્વનું અંગ વહે. તે રોજિંદા વ્યવહારમાં યોજાય છે, અને શિષ્ટ સાહિત્યમાં પણ સ્થાન પામે છે. લોકવ્યવહારમાં તે પરંપરાથી ઊતરી આવી છે. તેમને કોણે ક્યારે રચી તે જાણવા મળતું નથી. પરંતુ મનુષ્યનાં દીર્ઘકાલીન અનુભવ – નિરીક્ષણ – ચિંતનમાંથી તે ઉદ્દભવી છે,અને બોલાતી જીવંત લોકબોલીમાં અભિવ્યકિત પામી છે. તેમાં કશું ક સત્ય સૂત્રાત્મક રૂપમાં રજૂ થાય છે. તેમાં લાઘવ, વ્યંજના, વેધકતા હોય છે; સરલતા છતાં સચોટતા હોય છે. મોટાભાગની કહેવતો એક લીટીની હોય છે; કેટલીક બે લીટીની હોય છે; તો થોડીક ચાર લીટીની પણ જોવા મળે છે. પરસ્પર વિરોધી સત્યો પ્રગડ કરતી કહેવતો પણ છે. દા. ત. ‘ બોલે તેનાં બોર વેચાય’ અને ‘ન બોલ્યામાં નવ ગુણ’, તેમાં અનેક બોલીઓનું મિશ્રણ પણ હોય છે; દા. ત. ‘મિયાં – બીબી રાજી તો ક્યા કરે કાજી !’ ઘણી કહેવતો ગંભીર છે; તો કેટલીક કટાક્ષગર્ભ યા વિનોદત્મક પણ છે. ‘સાચને આંચ નહિ’,‘ વિનાશ કાળે વિપરીત બુદ્દિધ,’‘વહેમનું ઓસડ નહિ,’‘હૈયે તેવું હોઠે,’‘સંપ ત્યાં જંપ,’‘અજવાળી તો યે રાત,’‘કરણી તેવી પાર ઉતરણી’,‘હાથનાં કર્યા હૈયે વાગે’,’ખાડો ખોદે તે પડે,’‘ અન્ન તેવો ઓડકાર’ વગેરે ગંભીર કહેવતો છે. ‘આડે લાકડે આડો વ્હેર’,‘આવી મળવા તો બેસાડી દળવા,’‘બેઠાં બાઈ, તો કરો સગાઈ’. ‘ચકલી નાની અને ફરડકો મોડો,’‘બુઢી ઘોડોને લાલ લગામ’,‘જેને ગાડે બેસીએ તેનાં ગીત ગાઈએ’,‘નમાજ પઢતાં મસીદ કોડે વળગી’ વગેરે કડાક્ષા – વિનોદગર્ભ કહેવતો છે.

## ૨.કહેવતોમાં અલંકારિતા

કહેવાયું છે કે “અલંકાર એજ સાહિત્ય. એ મુજબ અલંકાર, સાહિત્ય માટે જવાબદાર તત્ત્વ છે. કહેવતોમાં આલંકારિકતા રજૂઆત કરવામાં આવે છે. કેમ કે તે સૂચક બને છે. કશીક વસ્તુ દ્વારા બીજા કશાકની રજૂઆત કરવામાં આવે છે. એટલે કે કોઈ ઘટના કે તેના જેવી જ મર્મ ધરાવતી બીજી કોઈ વાતનું સૂચન કરવામાં આવે છે.

“અલંકાર શબ્દ અલમ અને કાર એ બે શબ્દોના યોગથી બન્યો છે. જેનો અર્થ છે, “શોભાકારક પદાર્થ”

ઉપમા અલંકાર, ઉત્પેક્ષા અલંકાર, સ્વભાવોકિત અલંકાર, વ્યાજસ્તુતિ અલંકાર અને ખાસ તો રૂપક અલંકારોની ભરમાર જોવા મળે છે. રૂપક અલંકારની લાક્ષણિકતાઓ જોઈએ તો રૂઢિપ્રયોગો અને કહેવતોમાં તેનાં ઘણાં અંશો જડી આવે છે.

- ભૂખ્યો સિંહ તરણું ના ખાય.
- બુંદથી બગડી વે હોજથી ના સુધરે.
- નગારામાં પિપૂડીનો અવાજ ક્યાં સંભળાય ?
- ધોબીનો કૂતરો નહિ ઘરનો નહિ ઘાટનો.
- છાશ મીઠી પણ કંઈ દૂધ કહેવાય.
- છાબડે સૂરજ ઢાંકયો ના રહે.
- વગેરેમાં રૂપકાત્મક રજૂઆત જોઈ શકાય.છે. દષ્ટાંત અલંકારનાં ઘણાં દષ્ટાંતો અહીંથી જડી આવે છે.
- ખાબોચિયાંમાં ઢેખાળો નાખે તે પોતે જ ખરડાય.
- કોરા ભાણે આરતી ના થાય.
- કેળ ફળે એક જ વાર ને આંબા ફળે વારંવાર

વ્યાજસ્તુતિ અલંકાર જેમકે, મામા બનાવવાના, ભગત જેવા છો , નરસિંહ મહેતા જેવા જયારે ઉત્પ્રેક્ષા અલંકારનાં ઉદાહરણો જોઈએ તો,

- ખાટી છાશા ઉકરડે નખાય.
- કૂમળો છોડ જાણે વાળીએ.
- કાષ્ઠની હાંકલી ને જાણે એકવાર ચુલે ચઢે.
- એવો ભોળો નથી કે જાણે મૂકી જાય ગાગર ને લઇ જાય ગોળો.

આમ, રૂઢિપ્રયોગો અને કહેવતોમાં "અલંકાર"નું વર્ચસ્વ જોઈ શકાય છે.આ અલંકાર, ભાવ, અર્થ, સ્થિતિ, પ્રસંગ, પરિસ્થિતિ, વ્યકિત, સમાજ વગેરેને નવો જ સંદર્ભ આપે છે. સ્વભાવોકિત અલંકારોનાં ઉદાહરણો તો જાણે દરેક રૂઢિપ્રયોગ અને કહેવતો બની રહે છે. શબ્દાલંકારોમાં પ્રાસાનુપ્રાસ અલંકારો જોવા મળે છે. જેમકે :

- ગરથ ગાંઠે ને વિદ્યા પાઠે.
- કળથી થાય તે બળથી ના થાય.
- એક દહાડાની શોભાને જન્મારાની ઓભા.

બે લીટીની કહેવતો છે : 'નાણાં વગરનો નાથિયો, નાણે નાથાલાલ','આપ સમાન બળ નહિ, મેઘ સમાન જળ નહિ';' એક દહાડાની શોભા ને જન્મારાની ઓભા,;'માથું મૂંડાવ્યે જતિ નહિ અને આઘું ઓઢયે સતી નહિ';'વર મરો કે કન્યા મરો, પણ ગોરનું તરભાણું ભરો';'શિયાળ તાણે સીમ ભણી, કૂતરું તાણે ગામ ભણી': 'હાથમાં નહિ કાડી ને ઊભી બજારે દોડી';'કણબીનો કૂબો, એક મૂક્યો ને બીજો ઊભો' વગેરે. ચાર લીટીની કહેવતો છે : 'આગળ બુધ્ધિ વાણિયો, પાછળ બુધ્ધિ બ્રહ્મા; તરત બુધ્ધિ તરકડો જે મુક્કી મારે ધમ્મ 'ઊંચા જોયો બળદિયો, નીચા જોઈ નર; એકલશરો વાણિયો : ત્રણેનું મોં બાળ !' કડવા હોયે લીંબડા, તોયે મીઠી છાંય ; બંધવ હોયે બોલકા, તોય પોતાની બાંય.''બુધે જાર બાજરી, ને બુધે નાર પાધરી; બુધે ડોબું દોહવા દે બુધે છોકરું છાનું રહે' વગેરે આ કહેવતો લોકસમાજનું વાસ્તવિક પ્રતિબિંબ પાડે છે. તેમાં લોકવ્યવહાર અને આદર્શ ની સારી – નરસી તમામ બાજુઓનું દર્શન થાય છે. તેથી લોકસાહિત્ય ઉપરાંત લોકસંસ્કૃતિના અભ્યાસ માટે પણ કહેવતોનું અધ્યયન ઉપયોગી થઈ શકે તેમ છે.

**સંદર્ભસૂચિ**

1. કાલાણી, દુલેરાય -કચ્છી કહેવતો
2. જોશી, ચંદ્રશંકર -ઉખાણાં
3. ઠાકર, શાંતિલાલ -કહેવતો
4. ત્રિવેદી, અનસૂયા ભૂપેન્દ્ર- આપણી કહેવતો : એક અધ્યયન
5. નાયક, રતિલાલ -સાં. કહેવતો : (સં.)
6. પટેલ, રમણભાઈ પી. - કહેવત દર્શન
7. રંભાબેન ગાંધી કહેવતો - એમનું ઐક્ય અને સામ્ય
8. વણકર, રમેશભાઈ - ગુજરાતની કહેવતો: (સં.)
9. ________. ગુજરાતના રૂઢિપ્રયોગો
10. શાહ, મગનલાલ વખતચંદ. -કથનાવળી
11. સ્વામી શ્રી પ્રણવતીર્થજી. -કહેવત કથાતકો